EDII

Divya Bhaskar

February 23, 2018
Page No.1
of City Bhaskar

# EDIIમાં 23મીએ 'નેશનલ યુથ કોન્ફરન્સ'

**National Youth**

સિટીરિપોર્ટર| અમદાવાદ

ભારત સરકારની એચઆરડી મિનિસ્ટ્રી દ્વારા આ વર્ષે સ્વામી વિવેકાનંદના જન્મદિવસનું સેલિબ્રેશન આખા વર્ષ દરમિયાન વર્કશોપ, મોટિવેશન લેક્ચર, સેમિનાર દ્વારા કરવાનું સુચન કરાયું છે. જેના અનુસંધાનમાં આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ) દ્વારા 23 અને 24 ફેબ્રુઆરીએ ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે નેશનલ યુથ કોન્ફરન્સનું આયોજન કરાયુ છે. 9મી નેશનલ યુથ કોન્ફરન્સનો ઉદ્દેશ 20થી 30 વર્ષની વયજૂથમાં યુવાન વ્યાવસાયિકો અને વ્યક્તિઓને લક્ષ્યાંક બનાવવાનો છે. ભારત સરકારની બે મોટી પહેલ 'સ્વચ્છ ગંગા' અને 'સ્વચ્છ ભારત'નાં સંદર્ભમાં પણ વિવેકાનંદનાં ઉપદેશોને જોડવામાં આવશે.